# જાતીય અસમાનતા, પ્રતિકાર અને સામાજિક પરિવર્તન: એક વિશ્લેષણ

Shailesh D. Kananee
*Assistant Professor (Sociology) Government Arts and Commerce College, Palitana*
*doi.org/10.64643/IJIRTV12I8-191239-459*

**સારાંશ (Abstract): આ સંશોધન પેપર ભારતીય સમાજમાં જાતિગત અસમાનતાના જટિલ અને બહુ-પરિમાણીય સ્વરૂપોનું વિશ્લેષણ કરે છે, જેમાં ખાસ કરીને બાળઉછેર, શિક્ષણ, રોજગાર, રાજકીય પ્રતિનિધિત્વ અને પારિવારિક માળખામાં જોવા મળતી જાતીય અસમાનતા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે.**

**પ્રસ્તુત અભ્યાસનો મુખ્ય હેતુ સામાજિક પરિવર્તનના એવા ગતિશીલ માર્ગોની તપાસ કરવાનો છે જે જાતીય અસમાનતાને પડકારવા અને તેને ઘટાડવા માટે કાર્યરત છે. તેમાં સામાજિક ચળવળો, સરકારી નીતિઓ (જેમ કે બેટી બચાઓ, બેટી પઢાઓ), અને કાયદાકીય સુધારાઓ (જેમ કે ઘરેલું હિંસા અધિનિયમ) ની અસરનું મૂલ્યાંકન કરવામાં આવ્યું છે.**

**આ પેપર ગુણાત્મક સંશોધન પદ્ધતિનો ઉપયોગ કરીને, જાતિગત રૂઢિચુસ્તતા અને પિતૃસત્તાક ધોરણો સામે મહિલાઓના પ્રતિકારના કિસ્સાઓ તેમજ આર્થિક પરાવલંબનના ઘટતા જતા પ્રભાવની ચર્ચા કરે છે. સંશોધનના તારણો દર્શાવે છે કે સામાજિક પરિવર્તન એક રેખીય પ્રક્રિયા નથી, પરંતુ તેમાં પ્રગતિ અને પીછેહઠ બંનેનો સમાવેશ થાય છે. પેપર ભારતમાં વધુ સમાનતાવાદી સમાજ તરફ દોરી જતા સામાજિક પરિવર્તનને વેગ આપવા માટે નીતિ વિષયક સૂચનો પ્રદાન કરે છે.**

**ચાવીરૂપ શબ્દો(Key Words): જાતીય અસમાનતા (Gender Inequality), મહિલા સશક્તિકરણ (Women Empowerment), સામાજિક પરિવર્તન (Social Change), સામાજિક ચળવળો (Social Movements), ભારતીય સમાજ (Indian Society)**

## પરિચય (Introduction)

માનવ સમાજના વિકાસમાં જાતીય સમાનતા એક મૂળભૂત આધારસ્તંભ છે. સંયુક્ત રાષ્ટ્રના ટકાઉ વિકાસ લક્ષ્યો (SDGs) એ જાતીય અસમાનતાને વૈશ્વિક સ્તરે સંબોધવા માટેની તાકીદ પર ભાર મૂક્યો છે (United Nations, 2015). જોકે, ભારત જેવા વિકાસશીલ રાષ્ટ્રોમાં, જ્યાં સંસ્કૃતિઓ, ધર્મો અને આર્થિક સ્તરોની વિપુલતા છે, ત્યાં આ સમાનતા હાંસલ કરવી એક જટિલ પડકાર રહેલો છે. ભારતીય સમાજ લાંબા સમયથી પિતૃસત્તાક ધોરણો દ્વારા સંચાલિત રહ્યો છે, જે સ્ત્રીઓ અને પુરુષો માટે શિક્ષણ, આરોગ્ય અને આર્થિક તકોની ઍક્સેસમાં માળખાગત તફાવતોનું સર્જન કરે છે (Deshpande & Singh, 2020).

રાષ્ટ્રીય કુટુંબ સ્વાસ્થ્ય સર્વેક્ષણ (NFHS-5) ના ડેટા દર્શાવે છે કે પુરુષોની સરખામણીમાં મહિલાઓની શ્રમ દળની ભાગીદારીનો દર નોંધપાત્ર રીતે નીચો છે (Ministry of Health and Family Welfare, 2022). આ માળખાગત અસમાનતા માત્ર મહિલાઓના વ્યક્તિગત વિકાસને જ અવરોધતી નથી, પરંતુ રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં પણ વિઘ્નરૂપ બને છે (World Bank, 2021). છેલ્લા બે દાયકામાં, સરકારની નીતિઓ (બેટી બચાવો, બેટી પઢાઓ જેવા કાર્યક્રમો) અને જમીની સ્તરની સામાજિક ચળવળોના

માધ્યમથી આ પડકારોને સંબોધવાના નોંધપાત્ર પ્રયાસો કરવામાં આવ્યા છે, પરંતુ આ પરિવર્તનના પ્રતિકાર (Backlash) અને તેની અસરકારકતાનું ગહન વિશ્લેષણ સમયની માંગ છે.

### સાહિત્ય સમીક્ષા (literature Review):

1. દેસાઈ, નીરા. (1995). ભારતીય સમાજમાં સ્ત્રીઓનું સ્થાન. આ પુસ્તકમાં ભારતીય સ્ત્રીઓની સ્થિતિ વૈદિક કાળથી આધુનિક કાળ સુધી સતત બદલાતી રહી છે તે અંગેનાં વિચારો રજૂ કરવામાં આવ્યા છે. મધ્યયુગમાં સ્ત્રીઓની સ્વતંત્રતા પર અંકુશો વધ્યા, જ્યારે બ્રિટિશયુગમાં સુધારાવાદી ચળવળોએ પરિવર્તનનો પાયો નાખ્યો. કુટુંબ, લગ્ન અને ધર્મ જેવી સામાજિક સંસ્થાઓ પિતૃસત્તાક માળખા દ્વારા સ્ત્રીઓને ગૌણ બનાવે છે. નીરા દેસાઈ જણાવે છે કે સ્ત્રીઓના રક્ષણ અને ઉન્નતિ માટે માત્ર કાયદાકીય જોગવાઈઓ પૂરતી નથી, કારણ કે કાયદા અને સામાજિક વાસ્તવિકતા વચ્ચેનું અંતર જાતિ અસમાનતા ટકાવી રાખે છે. સ્ત્રીઓના ગૃહિણી તરીકેના કાર્યને આર્થિક મૂલ્ય મળતું નથી. તેમની આર્થિક પરાધીનતા આ અસમાનતાનું મુખ્ય મૂળ છે.

2. ભટ્ટ, ઈલા. (2006). આપણે મહેનતકશ: સેવા (SEWA) નો અનુભવ. અસંગઠિત ક્ષેત્રની મહિલાઓ કેવી રીતે સામૂહિક સંગઠન દ્વારા આર્થિક અને સામાજિક અન્યાય સામે 'પ્રતિકાર' કરે છે, તેની પ્રાયોગિક વિગતો અને મહિલાઓનો આર્થિક સંઘર્ષ આ પુસ્તકમાં રજૂ કરવામાં આવ્યો છે.

3. પટેલ, તારા. (2002). ગુજરાતમાં સ્ત્રીઓની સ્થિતિ. બાળઉછેર અને શિક્ષણમાં જોવા મળતી અસમાનતાના વિશે આ પુસ્તકમાં સમજ આપવામાં આવી છે. ગુજરાતમાં સ્ત્રીઓની સ્થિતિ અંગે આંકડાકીય માહિતી અને સામાજિક સ્થિતિનું ઊંડું વિશ્લેષણ પણ દર્શાવવામાં આવ્યું છે. શૈક્ષણિક અસમાનતા સામાજિક પરિવર્તનને કેવી રીતે અવરોધે છે તેની સ્પષ્ટ રજૂઆત આ પુસ્તકમાં કરવામાં આવી છે.

### હેતુઓ (Objectives)

આ સંશોધનનો મુખ્ય હેતુ ભારતમાં જાતીય અસમાનતાના પ્રવર્તમાન સ્વરૂપો અને સામાજિક પરિવર્તન પર તેની અસરનું વિવેચનાત્મક મૂલ્યાંકન કરવાનો છે. આ સંશોધન પેપરનાં હેતુઓ નીચે મુજબ છે.

1. ભારતીય સમાજમાં જાતીય અસમાનતાના મુખ્ય ક્ષેત્રોનું ગુણાત્મક વિશ્લેષણ કરવું.
2. સરકારી નીતિઓ અને કાયદાકીય સુધારાઓની જાતીય સમાનતા પરની વાસ્તવિક અસરનું મૂલ્યાંકન કરવું.
3. પિતૃસત્તાક પ્રણાલી દ્વારા સમાનતા તરફના પરિવર્તનના પ્રયાસોમાં આવતા પ્રતિકાર અને પડકારોની તપાસ કરવી.
4. આર્થિક સ્વતંત્રતા અને સામાજિક સંગઠનો દ્વારા મહિલા સશક્તિકરણની વધતી જતી ગતિશીલતાનું દસ્તાવેજીકરણ કરવું.

### પદ્ધતિશાસ્ત્ર (Methodology):

આ સંશોધન પેપરનો મુખ્ય અભિગમ ગુણાત્મક અને વિવેચનાત્મક છે. આ પદ્ધતિ જાતીય અસમાનતાના આંકડાકીય તફાવતો પાછળના સામાજિક અર્થો અને અનુભવોને સમજવા પર ભાર મૂકે છે.

1. માહિતીના સ્ત્રોતો:

પ્રસ્તુત સંશોધન પેપર માહિતીના સ્ત્રોત તરીકે ગૌણ સ્ત્રોતનો ઉપયોગ કરવામાં આવ્યો છે, જેમાં પૂર્વે થયેલા અભ્યાસો, સરકારી અહેવાલો (NFHS, NSSO), શૈક્ષણિક જર્નલ લેખો,

કાયદાકીય દસ્તાવેજો અને મહિલા સંગઠનો દ્વારા પ્રકાશિત અહેવાલોનો ઉપયોગ કરવામાં આવ્યો છે.

2. માહિતીનું વિશ્લેષણ:

જાતિગત અસમાનતા આધારિત ગૌણ માહિતી મેળવ્યા બાદ તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ગુણાત્મક તારણોને NFHS ડેટા જેવા માત્રાત્મક સંદર્ભો સાથે જોડીને અભ્યાસને વધુ વિશ્વસનીય બનાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

સમાજશાસ્ત્રીય સંદર્ભ (Sociological Context)

"જાતિ અસમાનતા એ સામાજિક માળખાની એવી પ્રક્રિયા છે, જેમાં લિંગ (Gender) ના આધારે વ્યક્તિઓને સામાજિક, આર્થિક અને રાજકીય અધિકારોથી વંચિત રાખવામાં આવે છે, અને પુરુષોને સ્ત્રીઓ કરતા ચડિયાતા ગણવામાં આવે છે." એન ઓકલે (Ann Oakley)ના મતે, જાતિ અસમાનતા એ સામાજિક સંસ્કૃતિનું પરિણામ છે. સમાજ બાળકોને નાનપણથી જ 'બાળક' તરીકે નહીં પણ 'છોકરો' કે 'છોકરી' તરીકે ઉછેરીને ભેદભાવના બીજ રોપે છે.

મુખ્ય સમાજશાસ્ત્રીય દૃષ્ટિકોણ:

1. લિંગ વિરુદ્ધ જાતિ (Sex vs. Gender): સમાજશાસ્ત્રમાં 'Sex' શબ્દ એ સ્ત્રી-પુરુષ વચ્ચેનો જૈવિક તફાવત દર્શાવે છે, જ્યારે 'Gender' શબ્દ એ સામાજિક રીતે શીખવવામાં આવેલી વર્તણૂક દર્શાવે છે. અસમાનતા ત્યારે ઉભી થાય છે જ્યારે સમાજ વ્યવસ્થામાં "સ્ત્રીત્વ" અને "પુરુષત્વ" ના ચોક્કસ ઢાંચા બનાવી દેવામાં આવે છે.

2. પિતૃસત્તા (Patriarchy): સિલ્વિયા વોલ્બી જેવા સમાજશાસ્ત્રીઓના મતે, પિતૃસત્તા એ સામાજિક સંસ્થાઓ અને પ્રથાઓની એવી વ્યવસ્થા છે જેમાં પુરુષો સ્ત્રીઓ પર વિશેષ પ્રભુત્વ ધરાવે છે અને તેમનું શોષણ કરે છે.

3. સ્તરીકરણ (Social Stratification): સમાજશાસ્ત્ર જાતિ આધારિત અસમાનતાને 'સામાજિક સ્તરીકરણ' ના એક ભાગ તરીકે જુએ છે, જ્યાં જાતિના આધારે સમાજમાં બે સ્તર જોવા મળે છે: એક શાસક (પુરુષ) કે જેમની પાસે સત્તા છે અને બીજો શાસિત (સ્ત્રી) કે જેઓ તાબેદારીમાં રહે છે.

આંકડાકીય માહિતી (Statistical Data):

તાજેતરના અહેવાલો મુજબ ભારતની સ્થિતિ નીચે મુજબ છે:

1. Global Gender Gap Index (2024-25):

વર્લ્ડ ઇકોનોમિક ફોરમ (WEF) ના તાજેતરના અહેવાલ મુજબ, ગ્લોબલ જેન્ડર ગેપ ઇન્ડેક્સ (Global Gender Gap Index) માં ભારતની સ્થિતિ નિરાશાજનક છે. જૂન 2025માં જાહેર થયેલા અહેવાલ મુજબ, ભારત 148 દેશોમાંથી 131 મા ક્રમે છે. 2024ની સરખામણીમાં ભારત બે સ્થાન નીચે સરક્યું છે. ગ્લોબલ જેન્ડર ગેપ ઇન્ડેક્સ 2024: ભારત 146 દેશોમાંથી 129 મા ક્રમે હતું. ભારતે આશરે 64.4 % (2025 મુજબ) જેન્ડર ગેપ ઘટાડવામાં સફળતા મેળવી છે, જે વૈશ્વિક સરેરાશ (68.8 %) કરતા ઓછી છે. ગ્લોબલ જેન્ડર ગેપ ઇન્ડેક્સ મુખ્યત્વે શૈક્ષણિક પ્રાપ્તિ, આર્થિક ભાગીદારી અને તક, આરોગ્ય અને અસ્તિત્વ તથા રાજકીય સશક્તિકરણ જેવા 4 ક્ષેત્રોને આધારે નક્કી કરવામાં આવે છે.

2. જાતિ પ્રમાણ (Sex Ratio):

NFHS-5 (National Family Health Survey) મુજબ, ભારતમાં દર 1000 પુરુષોએ સ્ત્રીઓની સંખ્યામાં સુધારો થયો છે. 2011 ની વસ્તી ગણતરી મુજબ જાતિ પ્રમાણ 943 છે જે 2001 માં 933 હતું. ગુજરાતમાં જાતિ પ્રમાણ 919 જોવા મળ્યું છે. જો કે NFHS-5 (2019-21) નાં સર્વે મુજબ ગુજરાતમાં લિંગ પ્રમાણમાં સુધારો જોવા મળ્યો છે. જેનું પ્રમાણ 965 સુધી પહોચ્યાનો અંદાજ છે. પરંતુ 'પુત્ર પ્રાપ્તિની

ઘેલછા' ને કારણે અનેક રાજ્યોમાં જન્મ સમયનું જાતિ પ્રમાણ (0-6 વર્ષ) હજુ પણ ચિંતાજનક છે. આ પ્રમાણ 919 જેટલું જોવા મળે છે.

3. સાક્ષરતા દર (Literacy Rate):

2011 ની વસ્તી ગણતરી મુજબ, પુરુષ સાક્ષરતા દર 82.14 % છે, જ્યારે સ્ત્રી સાક્ષરતા દર 65.46 % છે. આમ પુરુષની સરખામણીમાં સ્ત્રી સાક્ષરતા દર ઘણો ઓછો છે. 2011 ની વસ્તી ગણતરી મુજબ ગુજરાતમાં પુરુષ સાક્ષરતા દર 85.75 % અને સ્ત્રી સાક્ષરતા દર 69.68 % જોવા મળે છે. અહી ગુજરાતનો સ્ત્રી સાક્ષરતા દર ભારતના સરેરાશ સ્ત્રી સાક્ષરતા દર કરતાં વધારે જોવા મળે છે.

4. શ્રમ દરમાં ભાગીદારી(Labour Force Participation Rate):

LFPR એ અર્થતંત્રમાં કામ કરવા સક્ષમ અને ઇચ્છુક લોકોની સ્થિતિ દર્શાવે છે. પિરિયોડિક લેબર ફોર્સ સર્વે 2017-18 મુજબ ભારતમાં મહિલાઓની શ્રમબળમાં ભાગીદારી (LFPR) 23.3 ટકા હતી જે 2023-24માં સુધરીને 41.7 ટકા સુધી પહોચી છે. જો કે પુરુષની ભાગીદારી 78 ટકા જેટલી છે, તેથી મહિલાઓની શ્રમબળમાં ભાગીદારી હજૂપણ પુરુષની સાપેક્ષમાં ઘણી ઓછી જોવા મળે છે.

ભારતમાં જાતિગત અસમાનતાના સ્વરૂપો (Forms of Gender Inequality in India):

ભારતમાં આ અસમાનતા વિવિધ સ્તરે જોવા મળે છે:

1. સામાજિક અસમાનતા: કૌટુંબિક નિર્ણયોમાં સ્ત્રીઓનો મર્યાદિત ફાળો, વંશ વેલા માટે પુત્રને પ્રાધાન્ય અને સ્ત્રીઓને ઘરકામ સુધી સીમિત રાખવી.

2. આર્થિક અસમાનતા: સમાન કામ માટે સમાન વેતનનો અભાવ, સ્ત્રીઓના ગૃહિણી તરીકેના કાર્યમાં મૂલ્યનો અભાવ અને મિલકતના અધિકારોમાં ભેદભાવ.

3. શૈક્ષણિક અસમાનતા: દીકરીઓના શિક્ષણ કરતા દીકરાઓના ઉચ્ચ શિક્ષણ પાછળ વધુ ખર્ચ કરવાની માનસિકતા.

4. આરોગ્ય અને પોષણ: સ્ત્રીઓમાં એનીમિયા (લોહીની ઉણપ) નું ઊંચું પ્રમાણ, સ્ત્રી રોગો પ્રત્યે ઓછી જાગૃતતા અને તેમના સ્વાસ્થ્ય પ્રત્યેની બેદરકારી.

5. રાજકીય અસમાનતા: સંસદ અને વિધાનસભામાં મહિલા પ્રતિનિધિઓની ઓછી સંખ્યા, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં સ્ત્રીઓના સ્થાને પુરુષો દ્વારા શાસન, રાજકીય નિર્ણયમાં સ્ત્રીઓની ઓછી ભાગીદારી

પ્રતિકાર અને બંધારણીય જોગવાઈ (Resistance and Constitutional Provisions):

ભારતમાં મહિલા અસમાનતા દૂર કરવા માટે સામાજિક 'પ્રતિકાર' અને બંધારણીય 'કાયદા' એમ બંને પાસાઓએ મહત્વની ભૂમિકા ભજવી છે.

1. સામાજિક અને વ્યક્તિગત પ્રતિકાર:

પ્રતિકાર એ અન્યાયી પ્રથાઓને પડકારવાની પ્રક્રિયા છે:

- સંગઠિત પ્રતિકાર: ઈલા ભટ્ટ દ્વારા સ્થાપિત 'સેવા' (SEWA) જેવી સંસ્થાઓએ અસંગઠિત ક્ષેત્રની મહિલાઓને એકત્રિત કરી આર્થિક શોષણ સામે અવાજ ઉઠાવ્યો છે, જેનાથી મહિલાઓ આર્થિક રીતે પગભર બનતા મહદઅંશે સ્વતંત્રતા ભોગવતી થઈ.
- સામાજિક ચળવળો: 'ચિપકો આંદોલન' થી લઈને આધુનિક 'Me Too' કેમ્પેઈન સુધી, મહિલાઓએ પર્યાવરણ

અને જાતીય સતામણી વિરુદ્ધ પ્રબળ પ્રતિકાર દર્શાવ્યો છે. જેમાં કાયદા અને ન્યાયતંત્રએ મહત્વની ભૂમિકા ભજવી.

- શૈક્ષણિક પ્રતિકાર: જ્યોતિબા અને સાવિત્રીબાઈ ફૂલે દ્વારા શરૂ થયેલી કન્યા કેળવણીની ચળવળે પિતૃસત્તાક જડતાને તોડવાનું કામ કર્યું છે. તેમાં પશ્ચિમી વિચારોની ઘેરી અસર જોવા મળી.

2. મુખ્ય કાયદાકીય જોગવાઈઓ:

ભારતીય બંધારણે સ્ત્રી-પુરુષ સમાનતા માટે અનેક કાયદાઓ ઘડ્યા છે:

| ક્ષેત્ર | મહત્વના કાયદાઓ | હેતુ |
|---|---|---|
| કૌટુંબિક | હિન્દુ ઉત્તરાધિકાર અધિનિયમ (2005 સુધારો) | પિતાની મિલકતમાં દીકરીને સમાન હક. |
| કાર્યસ્થળ | POSH એક્ટ (2013) | કાર્યસ્થળે થતી જાતીય સતામણી સામે રક્ષણ. |
| હિંસા વિરુદ્ધ | ઘરેલું હિંસા અધિનિયમ (2005) | શારીરિક, માનસિક કે આર્થિક હિંસા સામે રક્ષણ. |
| આર્થિક | સમાન વેતન અધિનિયમ (1976) | સ્ત્રી-પુરુષને સમાન કાર્ય માટે સમાન પગાર. |
| સામાજિક | દહેજ પ્રતિબંધક ધારો (1961) | દહેજ લેવા કે આપવા પર કાનૂની રોક. |

3. કાયદા અને અમલીકરણ વચ્ચેનો પડકાર:

નીરા દેસાઈના મતે, માત્ર કાયદા બનવાથી પરિવર્તન આવતું નથી. આજે પણ:

- ઘણા કિસ્સાઓમાં કાયદાની જાણકારીના અભાવે સ્ત્રીઓ પ્રતિકાર કરી શકતી નથી.
- સામાજિક દબાણને કારણે કાયદાકીય લડત અધવચ્ચે જ છૂટી જાય છે.
- ન્યાયિક પ્રક્રિયામાં વિલંબ એ પણ પ્રતિકારની ગતિ ધીમી પાડે છે.

સ્ત્રીઓના વિકાસ માટેની યોજનાઓ

(Government Schemes for Women's Development):

ભારત સરકાર અને ગુજરાત સરકાર દ્વારા જાતિગત અસમાનતા ઘટાડવા માટે ઘણી યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

1. ભારત સરકારની મુખ્ય યોજનાઓ (Central Government Schemes):

- બેટી બચાવો, બેટી પઢાવો (BBBP): કન્યાઓના જન્મ દરને સુધારવા અને તેમના શિક્ષણને પ્રોત્સાહન આપવા માટે આ મુખ્ય યોજના છે.
- સુકન્યા સમૃદ્ધિ યોજના: દીકરીઓના ભવિષ્યના શિક્ષણ અને લગ્ન માટે નાણાકીય બચતને પ્રોત્સાહન આપતી કેન્દ્ર સરકારની યોજના.
- પીએમ માતૃ વંદના યોજના (PMMVY): સગર્ભા સ્ત્રીઓને પોષણ અને આર્થિક સહાય પૂરી પાડવા માટેની યોજના.
- મહિલા શક્તિ કેન્દ્ર (MSK): ગ્રામીણ મહિલાઓને કૌશલ્ય વિકાસ અને રોજગારીની તકો દ્વારા સશક્ત બનાવવાનો હેતુ.

2. ગુજરાત રાજ્યની વિશિષ્ટ યોજનાઓ (Government of Gujarat Specific Schemes):

ગુજરાત સરકારે મહિલા સશક્તિકરણ માટે કેટલીક આગવી યોજનાઓ શરૂ કરી છે:

- વ્હાલી દીકરી યોજના: દીકરીના જન્મ, શિક્ષણ (ધોરણ-1 અને ધોરણ-9) અને 18 વર્ષની ઉંમરે લગ્ન કે ઉચ્ચ શિક્ષણ માટે કુલ ₹ 1,10,000 ની આર્થિક સહાય આપવામાં આવે છે.

- ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના (વિધવા સહાય): વિધવા મહિલાઓને સન્માનપૂર્વક જીવન જીવવા માટે ₹ 1250 માસિક પેન્શન આપવામાં આવે છે.
- કુંવરબાઈનું મામેરું: સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની દીકરીઓના લગ્ન પ્રસંગે ₹ 12,000 ની નાણાકીય સહાય.
- મહિલા ઉત્કર્ષ યોજના: મહિલા જૂથોને (SHG) શૂન્ય ટકા વ્યાજે લોન આપીને તેમને ઉદ્યોગ સાહસિક બનાવવા માટેની યોજના.

## તારણો અને ચર્ચા (Findings and Discussion)

સંશોધનના તારણો દર્શાવે છે કે જાતીય અસમાનતા માત્ર આર્થિક કે શૈક્ષણિક તફાવત પૂરતી મર્યાદિત નથી, પરંતુ તે સામાજિક ધોરણો અને પિતૃસત્તાક માનસિકતામાં ઊંડે જડાયેલી છે.

1. શિક્ષણની સિદ્ધિ અને પિતૃસત્તાક નિયંત્રણ:
1991 થી 2011 ના વસ્તી ગણતરીના અહેવાલો મુજબ સ્ત્રી સાક્ષરતા દરમાં થયેલો ૨૬% જેવો મોટો ઉછાળો મહિલાઓની જાહેર ક્ષેત્રમાં વધતી સક્રિયતા સૂચવે છે. પરંતુ, આંકડાકીય પ્રગતિની પાછળ એક સૂક્ષ્મ સામાજિક વાસ્તવિકતા છુપાયેલી છે. ગ્રેજ્યુએટ થયેલી અને વ્યવસાયિક રીતે કમાતી મહિલા હોવા છતાં, આર્થિક નિર્ણયોમાં તેની સ્વાયત્તતા મર્યાદિત રહે છે. મેં નોંધ્યું છે તેમ, આ 'સબમિસિવ એચીવમેન્ટ' (Submissive Achievement) ની સ્થિતિ છે; જ્યાં સ્ત્રીને ઘરની બહાર જવાની છૂટ મળી છે, પરંતુ ઘરની અંદર સત્તાનું માળખું હજુ પણ પુરુષ સભ્યો (પતિ કે પિતા) ના હાથમાં કેન્દ્રિત છે. (Goonesekere, 2004).

2. આર્થિક સ્વાયત્તતા વિરુદ્ધ સામાજિક 'બેકલેશ' (Backlash):
શહેરી મહિલાઓની આર્થિક સ્વતંત્રતા એ પરિવર્તનનો મોટો પાયો છે, પરંતુ આ પરિવર્તન પિતૃસત્તાક વ્યવસ્થા માટે એક 'પડકાર' તરીકે ઉભરી આવ્યું છે. આ સંશોધન દર્શાવે છે કે જ્યારે સ્ત્રી આર્થિક રીતે સક્ષમ બને છે, ત્યારે તેની સ્વતંત્રતાને નિયંત્રિત કરવા માટે 'સલામતી' ના નામે રાત્રિ ગતિશીલતા પર પ્રતિબંધ કે ચારિત્ર્ય પર શંકા જેવા અવરોધો ઊભા કરવામાં આવે છે. ગિડન્સ (1984) ના સિદ્ધાંત મુજબ, જ્યારે પ્રસ્થાપિત સત્તાનું માળખું જોખમાય છે, ત્યારે પ્રબળ જૂથ તેના વર્ચસ્વ માટે આક્રમક પ્રતિક્રિયા આપે છે, જે ઘરેલું હિંસાના સ્વરૂપમાં પણ જોવા મળી શકે છે.

3. સામૂહિક સંગઠન: પરિવર્તનનું વાસ્તવિક એન્જિન:
વ્યક્તિગત લડત કરતા સામૂહિક સંગઠન વધુ પ્રભાવશાળી સાબિત થાય છે. 'સેવા' (SEWA) જેવા સંગઠનોનું વિશ્લેષણ કરતા જણાય છે કે જ્યારે સ્ત્રીઓ જૂથમાં સંગઠિત થાય છે, ત્યારે તેમનામાં 'સામૂહિક સોદાબાજીની શક્તિ' (Collective Bargaining Power) જન્મે છે. આ સંગઠિત પ્રતિકાર માત્ર આર્થિક જ નથી, પણ માનસિક પણ છે. સંગઠિત સ્ત્રીઓ પોતાની ગૌણ સ્થિતિને ઓળખીને પિતૃસત્તાના અદ્રશ્ય નિયમોને તોડવાની હિંમત કેળવે છે, જે સામાજિક પરિવર્તનને વધુ ટકાઉ બનાવે છે.

4. કાયદાકીય પ્રગતિ અને અમલીકરણની ખાઈ:
ઘરેલું હિંસા અને કાર્યસ્થળે જાતીય સતામણી વિરુદ્ધના કાયદાઓ કાગળ પર અત્યંત આધુનિક છે, પરંતુ જમીની સ્તરે (Police and Panchayats) અમલીકરણની પ્રક્રિયામાં 'જેન્ડર સેન્સિટિવિટી'નો અભાવ છે. કાયદા અમલીકરણ એજન્સીઓમાં પ્રવર્તતી રૂઢિચુસ્ત માનસિકતા ઘણીવાર મહિલાઓને ન્યાય મેળવતા અટકાવે છે. આમ, સાચું

પરિવર્તન માત્ર કાયદા બનાવવાથી નહીં, પણ ન્યાયતંત્ર અને વહીવટીતંત્રમાં સંવેદનશીલતા લાવવાથી જ શક્ય બનશે.

આમ, પ્રસ્તુત તારણો સૂચવે છે કે ભારતમાં જાતીય સમાનતા તરફનું પરિવર્તન માત્ર આર્થિક કે કાયદાકીય નથી, પરંતુ તે પિતૃસત્તાક માનસિકતા સાથેના સંઘર્ષની એક ગતિશીલ પ્રક્રિયા છે.

## નિષ્કર્ષ (Conclusion)

પ્રસ્તુત સંશોધન વિશ્લેષણ સ્પષ્ટ કરે છે કે ભારતીય સમાજમાં જાતીય અસમાનતા એ માત્ર આંકડાકીય તફાવત નથી, પરંતુ તે સામાજિક સંરચના અને પિતૃસત્તાક માનસિકતામાં ઊંડે ઉતરેલી જટિલ પ્રક્રિયા છે. જોકે છેલ્લા દાયકાઓમાં સ્ત્રી સાક્ષરતા અને આર્થિક ભાગીદારીમાં સકારાત્મક સુધારો જોવા મળ્યો છે, તેમ છતાં 'સબમિસિવ એચીવમેન્ટ' અને 'સામાજિક પ્રતિકાર' (Backlash) જેવા પડકારો હજુ પણ અસ્તિત્વ ધરાવે છે. મહિલાઓ જાહેર ક્ષેત્રમાં (રોજગાર/શિક્ષણ) સફળતા મેળવી રહી છે, પરંતુ ખાનગી ક્ષેત્રમાં (ઘર/પરિવાર) સત્તાનું સંતુલન હજુ પણ પુરુષપ્રધાન રહ્યું છે.

નિષ્કર્ષરૂપે કહી શકાય કે, માત્ર કાયદાકીય સુધારાઓ કે સરકારી યોજનાઓ પૂરતી નથી; સાચું સામાજિક પરિવર્તન ત્યારે જ આવશે જ્યારે પિતૃસત્તાક ધોરણોને પાયામાંથી પડકારવામાં આવે અને પુરુષો તથા છોકરાઓની સક્રિય ભાગીદારી દ્વારા સમાનતાલક્ષી સામાજિકીકરણ કરવામાં આવે. શિક્ષણ અને આર્થિક સ્વતંત્રતા એ પરિવર્તનના સાધનો છે, પરંતુ તે સાધનોનો ઉપયોગ કરવા માટે સુરક્ષિત અને ભેદભાવરહિત સામાજિક વાતાવરણ અનિવાર્ય છે.

## સૂચનો (Recommendations)

જાતીય સમાનતાના લક્ષ્યને હાંસલ કરવા માટે નીચે મુજબના સૂચનો કરવામાં આવે છે:

- લિંગ-સંવેદનશીલ શિક્ષણ: શાળાઓમાં બાળકોને શરૂઆતથી જ જાતીય સમાનતાના પાઠ ભણાવવા.
- કાયદાકીય જાગૃતિ: મહિલાઓને તેમના કાયદાકીય અધિકારો વિશે પાયાના સ્તરે માહિતગાર કરવી.
- પુરુષોની ભાગીદારી: સમાનતાના અભિયાનમાં પુરુષો અને છોકરાઓને સકારાત્મક ભૂમિકામાં જોડવા.
- માળખાગત સહાય: મહિલાઓની શ્રમ દળની ભાગીદારી વધારવા માટે સબસિડીવાળી અને સલામત બાળ સંભાળ સુવિધાઓ (Childcare Facilities) અને જાહેર પરિવહનની સુવિધા પૂરી પાડવી.

## સંદર્ભ સૂચિ (Reference List):

### ગુજરાતી સંદર્ભો (Gujarati References):

[1] ભટ્ટ, ઈ. આર. (2006). *આપણે મહેનતકશ: સેવા (SEWA) નો અનુભવ*. અમદાવાદ: નવજીવન પ્રકાશન મંદિર. (Original English work published 2006).

[2] દેસાઈ, એન. (1995). *ભારતીય સમાજમાં સ્ત્રીઓનું સ્થાન*. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

[3] પટેલ, ટી. (2002). *ગુજરાતમાં સ્ત્રીઓની સ્થિતિ*. અમદાવાદ: યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

### અંગ્રેજી સંદર્ભો (English References):

[1] Deshpande, R., & Singh, S. (2020). *Gender and Social Equity in India*. Oxford University Press.

[2] Giddens, A. (1984). *The Constitution of Society: Outline of the Theory of Structuration*. Polity Press.

[3] Giddens, A., & Sutton, P. W. (2017). *Sociology* (8th ed.). Polity Press.

[4] Goonesekere, S. (2004). *Violence, Law and Women's Rights in South Asia*. Sage Publications.

[5] Government of Gujarat. (2023). *Department of Women and Child Development: Schemes and Statistics*. https://wcd.gujarat.gov.in/

[6] Government of India. (2013). *The Sexual Harassment of Women at Workplace (Prevention, Prohibition and Redressal) Act*. Ministry of Law and Justice.

[7] International Institute for Population Sciences (IIPS). (2021). *National Family Health Survey (NFHS-5), 2019-21: India*. IIPS.

[8] International Institute for Population Sciences (IIPS). (2021). *National Family Health Survey (NFHS-5) State Report: Gujarat*. IIPS.

[9] Ministry of Health and Family Welfare. (2022). *National Family Health Survey (NFHS-5) 2019-21*. Government of India.

[10] Ministry of Statistics and Programme Implementation. (2023). *Women and Men in India 2022*. Government of India.

[11] NITI Aayog. (2024). *SDG India Index & Dashboard: Gender Equality Progress*. Government of India.

[12] Oakley, A. (2015). *Sex, Gender and Society*. Routledge.

[13] Sarkar, L. (2007). *Law and the Status of Women in India*. Indian Council of Social Science Research.

[14] Sen, A. (2001). Many faces of gender inequality. *Frontline*, 18(22), 4-14.

[15] United Nations. (2015). *Transforming our world: The 2030 Agenda for Sustainable Development*. UN General Assembly.

[16] Walby, S. (1990). *Theorizing Patriarchy*. Basil Blackwell.

[17] World Bank. (2021). *Women, Business and the Law 2021*. World Bank Group.

[18] World Economic Forum. (2024). *Global Gender Gap Report 2024*. https://www.weforum.org/reports/

[19] https://censusindia.gov.in/